# તંત્રી લેખ......

## સંસદનું કામકાજ વધુને વધુ મુશ્કેલ બનતું જાય છે

ભારતીય રાજકારણ એક અકલ્પનીય તબક્કે પહોંચી ગયું છે. ભારતીય સંસદીય ઈતિહાસમાં આ ખૂબ જ ગંભીર પરિસ્થિતિ છે. જ્યારે લોકસભા અધ્યક્ષ સામે અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપવામાં આવી હતી, ત્યારે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે પણ એક સાથે પ્રસ્તાવ દાખલ કરવામાં આવ્યો હતો. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભા અધ્યક્ષને પત્ર લખીને રાહુલ ગાંધી વિરુદ્ધ સત્વરે પ્રસ્તાવ લાવવાની માંગ કરી છે. ભાજપે અગાઉ રાહુલ ગાંધી વિરુદ્ધ વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ લાવવાની ચર્ચા કરી હતી, પરંતુ હવે સત્વરે પ્રસ્તાવ લાવવાની પહેલ કરી છે. સત્વરે પ્રસ્તાવ વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ કરતાં વધુ ગંભીર છે. સત્વરે પ્રસ્તાવ એ એક સ્વતંત્ર પ્રસ્તાવ છે જે સાંસદ વિરુદ્ધ સ્પષ્ટ નિર્ણય વ્યક્ત કરે છે. આ પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન થાય છે, અને પસાર થયા પછી, ગૃહનું સત્તાવાર વલણ અને અભિપ્રાય વ્યક્ત કરવામાં આવે છે.

આનો અર્થ એ છે કે સાંસદનું વર્તન અને ચારિત્ર્ય સંસદ સાથે સુસંગત છે, શું તેઓ સાંસદ હોવા જોઈએ, શું તેમને ભવિષ્યમાં ચૂંટણી લડવાની મંજૂરી આપવી જોઈએ, વગેરે. તેના આધારે, તેમની સામે કાર્યવાહી કરી શકાય છે, જેમાં તેમનું સભ્યપદ ગુમાવવાનો પણ સમાવેશ થાય છે. ચૂંટણી પંચને તેમને ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવાની ભલામણ પણ કરી શકાય છે. કોઈ પણ સંજોગોમાં, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ અવિશ્વાસ પ્રસ્તાવની સૂચના મળ્યા પછી ગૃહમાં હાજરી આપવાનું બંધ કરી દીધું છે. અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા અને પરિણામ ન આવે ત્યાં સુધી સ્પીકર ગૃહની કાર્યવાહીનું નેતૃત્વ કરી શકતા નથી. તેથી, તેમણે આ નિર્ણય લીધો છે. આ વાત કોઈપણ સાંસદ કે વિપક્ષના નેતાને લાગુ પડતી નથી. જો વિશેષાધિકાર ભંગ પ્રસ્તાવ કે કોઈ સાર્થક પ્રસ્તાવ મંજૂર થાય તો પણ, સંબંધિત સભ્ય ભાગ લઈ શકે છે. તેમને પોતાનો પક્ષ રજૂ કરવા માટે સમય આપવામાં આવી શકે છે.

લોકસભા સ્પીકર સામેના અવિશ્વાસ પ્રસ્તાવ પર ૯ માર્ચે ચર્ચા થવાની શક્યતા છે. ત્યારબાદ ખબર પડશે કે રાહુલ ગાંધી સામેનો સાર્થક પ્રસ્તાવ સ્વીકારવામાં આવશે કે નહીં. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ પાસે લોકસભામાં બહુમતી હોવાથી, ઓમ બિરલા સામેનો અવિશ્વાસ પ્રસ્તાવ હરાવી દેવામાં આવશે. આ સાર્થક પ્રસ્તાવ પર લાગુ પડતું નથી. બહુમતી મુજબ,એનડીએ રાહુલ ગાંધી સામે કાર્યવાહી માટે પ્રસ્તાવ પસાર કરી શકે છે. જોકે, કોંગ્રેસના તેમના સમર્થકો આનાથી પરેશાન હોય તેવું લાગતું નથી. તેનાથી વિપરીત, તેઓ એમ કહીને ખુશ છે કે રાહુલ ગાંધી સંસદમાં એજન્ડા નક્કી કરી રહ્યા છે, અને હવે, સાર્થક પ્રસ્તાવના બહાના હેઠળ, ચર્ચા તેમની આસપાસ ફરશે. આનાથી સરળતાથી ખ્યાલ આવે છે કે રાહુલ ગાંધી અને તેમની આસપાસના રણનીતિકારો કઈ દિશામાં જઈ રહ્યા છે. જો આને તેઓ ખરા અર્થમાં રાષ્ટ્રીય એજન્ડા નક્કી કરવાનું માને છે, તો આવી કોંગ્રેસનું રક્ષણ ફક્ત ભગવાન જ કરી શકે છે. રાહુલ ગાંધી તેમની રાષ્ટ્રીય જવાબદારીઓ પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે.

એવું લાગે છે કે કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી સામે કાર્યવાહી કરવા માંગે છે જેથી તેમના પ્રત્યે જાહેર સહાનુભૂતિ ઉત્પન્ન થાય અને તેનો રાજકીય રીતે લાભ ઉઠાવવાનો પ્રયાસ થાય. પરંતુ કોંગ્રેસના સભ્યો જે રીતે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા સામે પ્રચાર કરી રહ્યા છે તેનું શું? તેમની પુત્રીના સિવિલ સર્વિસીસ પરીક્ષા પાસ કરવા અંગે પણ પ્રશ્નો ઉભા થયા હતા? કોંગ્રેસના મહિલા સાંસદો દ્વારા તેમને લખાયેલો પત્ર વધુ શરમજનક છે. કોંગ્રેસના સાંસદો લોકસભાના અધ્યક્ષ માટે એવી મુશ્કેલ પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેમને નિર્ણયો લેવામાં મુશ્કેલી પડે. ઓમ બિરલા કોઈ વ્યક્તિ નથી, પરંતુ લોકસભાના અધ્યક્ષનું ગૌરવપૂર્ણ પદ ધરાવે છે. તેમની સાથે વ્યક્તિગત મતભેદો હોઈ શકે છે, અને તેમના માટે અણગમો હોઈ શકે છે, પરંતુ જો નેતાઓ અને સંસદ પદનો આદર અને વિશ્વાસ કરવાની પ્રાથમિક જવાબદારી પૂર્ણ કરવામાં નિષ્ફળ જાય તો તે શરમજનક છે.

## એક બાજુ પૈસા આપી મિલકત ખરીદનાર ફરિયાદીને જ ધાક-ધમકી આપી કડોદરા પોલીસ જાણે કે આરોપીઓને જ છાવરી રહી હોય એવું લાગી રહ્યું છે

# છેલ્લા બે વર્ષ ઉપરાંતથી FSLના રિપોર્ટ અંગે ફરિયાદીને ધરમ ધક્કા ખવડાવતી કડોદરા પોલીસ

### ડાયરીમાં આરોપીઓએ લીધેલી રકમ અને એની સહીની સાથે સાથે પૈસા લેતા હોવાના CCTV ફૂટેજના ફોટોગ્રાફ પોલીસને આપવા છતાં કડોદરા પોલીસ સ્ટેશનના પી.આઈ ફરિયાદી સાથે આરોપી જેવુ વર્તન કરી ઉલ્ટો ચોર કોટવાલ ને દંડેની કહેવત જાણે કે સાર્થક કરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે


(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતના કડોદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી અશોકકુમાર મુન્નાલાલ સાહુ એ તા.૦૯/૦૧/૨૦૨૪ ના રોજ આરોપીઓ દિપક જગદીશપ્રસાદ અગ્રવાલ, શ્રીમતી મીનુબેન રાજેશભાઈ જોષી અને રાજેશભાઈ જોષી વિરુધ્ધ કરેલી લેખિત ફરિયાદને આજે બબ્બે વર્ષના વ્હાણાવાયા છતાં FSL નો રિપોર્ટ નથી આવ્યો એમ કહીને ફરિયાદી ને ધરમના ધક્કા તો ખવડાવેજ છે. સાથે સાથે આડકતરી રીતે કડોદરા પોલીસ જાણે કે આરોપીઓને છાવરી રહી હોય એવું ખુલ્લેઆમ દેખાય છે. છતાં પોલીસના પેટનું પાણી કેમ નથી હાલતું એ સમજમાં નથી આવતું.

એક બાજુ ફરિયાદીએ આરોપીઓને અંકે રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રીસ લાખ પુરા આપેલા એ નાણાં મળ્યા અંગેની પોતાની સહી સાથેની ડાયરી રાજેશ જોષી નામના આરોપીએ બનાવી આપેલી. જેના પૈસા લેતાના CCTV ફૂટેજ ના ફોટા સાથેના પુરાવાઓ પણ હોવા છતાં આ બોલતા પુરાવાની તપાસ FSL માં મોકલે આજે બબ્બે વર્ષના વહાણા વાયા છતાં FSL નો રિપોર્ટ નથી આવ્યોનું ગાણું ગાતી કડોદરા પોલીસ નામદાર હાઈકોર્ટને ગેરમાર્ગે દોરી સમય પસાર કરીને આરોપીઓને છાવરી રહી છે.

ફરિયાદીએ ત્રણેય આરોપીઓ પાસેથી પલસાણાની શ્રીલક્ષ્મીનગર સોસાયટીમાં બાંધકામ કરેલી ૦૪ માળની ૪૦ રૂમોવાળી મિલકત દસ્તાવેજ નં.૨૮૪૨,તા.૩૧/૦૫/૨૦૧૨ અને દસ્તાવેજ નં.૨૮૪૩,તા.૩૧/૦૫/૨૦૧૨ ની ઝેરોક્ષ નકલો જોઈને રૂપિયા ૫૫,૦૦,૦૦૦/- અંકે રૂપિયા પંચાવન લાખમાં લેવાનું નક્કી કરીને અંકે રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા આરોપી નં.૩ રાજેશ જોષી ને રોકડા આપેલા. જે નાણાં મળ્યા અંગેની પહોંચ ડાયરી રૂપે પોતાની સહી સાથે ફરિયાદીને આપેલી જેના પૈસા આરોપી લેતા હોવાના CCTV ફૂટેજ ના ફોટા પુરાવા પણ છે અને દસ્તાવેજ કર્યા બાદ બાકીના રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- અંકે પૂરા રૂપિયા પચ્ચીસ લાખ આપવાનું આરોપીઓએ ફરિયાદીને વચન આપ્યું હતું.

હવે જ્યારે આરોપીઓને બાકીનો અવેજ સ્વીકારી દસ્તાવેજ બનાવવાનું ફરિયાદી અશોકકુમાર સાહુ ધ્વારા વારંવાર કહેવામા આવતા આરોપીઓ દસ્તાવેજ બનાવી આપવાના બદલે




આરોપી નં.૧ દિપક જગદીશપ્રસાદ અગ્રવાલ ફોરેન હોવાનું બહાનું બતાવી ને આજ દિન સુધી ફરિયાદીને દસ્તાવેજ તો નથી બનાવી આપ્યો કે નથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા રોકડા લીધેલી રકમ પાછી આપવાનું આરોપીઓ નામ લેતા.

આથી કંટાળેલા ફરિયાદીએ કડોદરા પોલીસ સ્ટેશન થી લઈ હાઈકોર્ટ સુધીના ધરમ-ધક્કા ખાઈ પૈસાનું પાણી કરવા છતાં કડોદરા પોલીસ FSL ના રિપોર્ટનું બહાનું બતાવી સમય પસાર કરીને આડકતરી રીતે આરોપીઓને છાવરવાનું પાપ કરી રહી છે.

અત્યારે પરિસ્થિતી એવી ઊભી થઈ છે કે રાજસ્થાની પરપ્રાંતિય મારવાડી સમાજનું જાણે કે કોઈ રણીધણી જ ના હોય એમ બિચારો બાપડો બનીને પોલીસ સામે લાચારી અનુભવતો ઊભો રહેતો હોય અને કડોદરા પી.આઈ આરોપીઓને પોતાની સામે ખુરશીમાં બેસાડી હસતાં મોઢે ફરિયાદીની મજાક ઉડાવતા હોય એનાથી મોટી શરમજનક બાબત પોલીસ માટે શું હોઈ શકે?

હાલમાં હમણાં થોડા દિવસ અગાઉ આરોપી નં.૩ રાજેશ જોષી જેણે બિલ્ડીંગ ફરિયાદીને વેચેલી છે અને ડાયરીમાં સહી કરી નાણાં સ્વીકારેલા છે. જેના પૈસા લેતાના CCTV ફૂટેજ ના ફોટા પુરાવા પણ છે. એ આરોપીએ ફરિયાદીને વેચેલી મિલકતનો દસ્તાવેજ કરવાનો બાકી હોવા છતાં સદર ૪૦ રૂમોવાળી બિલ્ડીંગનું ભાડું લેવા એના વહીવટકર્તા વ્યક્તિ પાસે પહોંચી જતાં એને ફરિયાદી અશોક સાહુની પત્નીએ જોઈ લીધો હતો. અને આરોપી રાજેશ જોષીને પકડી ફરિયાદીની પત્નીએ અશોક સાહુ ને બોલાવી બંને પતિ-પત્ની આરોપીને કહેવા જતાં ઉશકેરાયેલા આરોપીએ પતિ-પત્ની સાથે ડખો ઊભો કર્યો હતો.આથી પતિ-પત્ની આરોપીને પકડીને એમની દુકાનમાં લઈ ગયેલા ત્યારે આરોપી સાથે આવેલો એક શખ્સ ભાગી જઈ કડોદરા પોલીસને જાણ કરતા પોલીસ આવી સ્થળ ઉપર જઈ તમામ ફરીયાદીઓ અને આરોપી ને કડોદરા પોલીસ ચોકી લઈ ગયેલા અને ફરિયાદીઓને સાંજ સુધી ગોંધી રાખેલ.

જ્યાં મૂળ ફરિયાદી પતિ-પત્નીની વાત સાંભળવાને બદલે જાણે કે ફરિયાદી જ આરોપીઓ હોય એમ ઉલ્ટો ચોર કોટવાલને દાંટે એ નાતે પોલીસે ફરિયાદીને જ ધમકી આપી કે તમે આરોપીનું અપહરણ કરીને ગોંધી રાખીને માર માર્યો છે. એટલે તમારી ઉપર જ ગુન્હો લાગશે એમ કહી ઉપસ્થિત પી.એસ.આઈ ફરિયાદી પતિ-પત્ની ને ધમકાવવા લાગ્યા હતા.

ટૂંકમાં કડોદરા પોલીસ નિષ્પક્ષ નથી કડોદરા પોલીસ ફરિયાદીને જ આરોપી સમજી કડોદરા પોલીસ ચોકીમાં બેસાડી રાખેલ ત્યારે સુરત જિલ્લા પરપ્રાંતિય સમિતિના પ્રમુખ છગનલાલ દોલતરામ મેવાડા એ જણાવ્યુ છે કે જો ફરિયાદી ગુન્હેગાર હોય તો ફરિયાદી પર પોલીસ પગલાં ભરે. વધુમાં છગનલાલ મેવાડાએ રાજસ્થાની મારવાડી સમાજના લોકો પ્રત્યે ગુજરાત પોલીસના પક્ષપાતી વલણને વખોડી કાઢવા સાથે આખા કેસની તપાસ ઉચ્ચ પોલીસ અધિકારી ધ્વારા થાય અને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાની માંગ કરીને મારવાડી સમાજને થતાં અન્યાય અંગે સમગ્ર સમાજને જાગૃત થવા અપીલ કરી છે.

## કરોડરજ્જુની અત્યંત જોખમી 'કાઈફોસ્કોલિયોસિસ' સર્જરી અમદાવાદમાં સફળતાપૂર્વક સંપન્ન

# વાંકી વળેલી કરોડરજ્જુને મળી સ્મિતની સીધી રેખા: ઈન્ડો-અમેરિકન ડૉક્ટરોએ બાળકોના જીવનમાં રેલાવી નવી આશા

### ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યુટ ખાતે બીજા ઈન્ડો-અમેરિકન સ્પાઈન સર્જરી કેમ્પમાં ૭ બાળકોને મળી નવી જિંદગી: આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ ઈન્ડો-અમેરિકન ડૉક્ટરોના માનવીય અભિગમને બિરદાવ્યો





અમદાવાદ સિવિલ મેડિસિટી સ્થિત ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ ફરી એકવાર મેડિકલ ઈનોવેશન અને માનવીય સેવાના કેન્દ્ર તરીકે ઉભરી આવ્યું છે.

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સહયોગથી આયોજિત 'ઈન્ડો-અમેરિકન સ્પાઈન સર્જરી કેમ્પ' અંતર્ગત કરોડરજ્જુની અત્યંત જટિલ વિકૃતિ ધરાવતા ૭ બાળકોનું સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. વૈશ્વિક આંકડા મુજબ દર ૧૦૦૦ બાળકોમાં ૧ બાળકમાં જોવા મળતી કાઈફોસિસ અને સ્કોલિયોસિસ જેવી વિકૃતિઓ સામે આ કેમ્પ એક નવી આશા લઈને આવ્યો છે.

'કાઈફોસ્કોલિયોસિસ' એક ગંભીર બીમારી છે, જેમાં બાળકની કરોડરજ્જુ સાપની જેમ વાંકી વળી જાય છે, તેની સારવાર સામાન્ય મધ્યમ વર્ગ માટે એક સ્વપ્ન સમાન હોય છે. પરંતુ, ઈન્ડો-અમેરિકન સર્જરી કેમ્પના માધ્યમથી આ સ્વપ્ન હકીકત બન્યું છે.

**દર્દીના જીવનું જોખમ અને સર્જરીની જટિલતા**

સર્જરીની જટિલતા અંગે ઈન્ડો-અમેરિકન સર્જરી કેમ્પના ડૉક્ટરો જણાવે છે કે, આ એક અત્યંત જટિલ સર્જરી છે. સરેરાશ ૪ થી ૫ કલાક સુધી ચાલતી આ સર્જરીમાં કરોડરજ્જુને સીધી કરતી વખતે અત્યંત નાજુક ચેતાઓ (Nerves) અને રક્તવાહિનીઓ વચ્ચે કામ કરવાનું હોય છે.

સર્જરી દરમિયાન મુખ્ય પડકાર સતત 'ન્યુરો-મોનિટરિંગ'નો હોય છે. જો કોઈ પણ પગલું ખોટું પડે, તો મુખ્ય રક્તવાહિનીની ઈજાને કારણે દર્દીનો જીવ જઈ શકે છે અથવા જીવનભરનો લકવો (Paralysis) આવી શકે છે. આ જોખમને ખાળવા માટે અમેરિકન ન્યુરો-મોનિટરિંગ ટીમ અને એનેસ્થેસિયા નિષ્ણાતોએ પણ ટેકનિકલ સહયોગ આપ્યો હતો.

**ખાનગી હોસ્પિટલના ખર્ચ સામે સરકારી સુરક્ષા કવચ**

આર્થિક પાસા પર નજર કરીએ તો, આ પ્રકારની જટિલ સર્જરીનો ખર્ચ ખાનગી હોસ્પિટલોમાં રૂ. ૫ થી ૧૦ લાખ જેટલો આંકવામાં આવે છે. ગવર્નમેન્ટ સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ વર્ષ દરમિયાન આવી ૩૦ થી ૪૦ સર્જરીઓ કરે છે. આ કેમ્પમાં ૯ વર્ષના એક બાળક પર 'ગ્રોઈંગ રોડ સર્જરી' કરવામાં આવી હતી, જે આધુનિક મેડિકલ સાયન્સનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ 'ગ્રોઈંગ રોડ સર્જરી' બાળકની ઉંમર વધવાની સાથે તેની કરોડરજ્જુને સીધી રાખવામાં મદદ કરશે.

આ કેમ્પના આયોજનથી માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશના અન્ય રાજ્યોમાંથી આવેલા બાળકો અને દર્દીઓને પણ વિશાળ લાભ મળ્યો. આ પહેલ અનેક પરિવારો માટે નવી આશા લઈને આવી છે.

**ટીમ વર્ક, ગ્લોબલ પાર્ટનરશીપ અને મેડીકલ એક્સેલન્સનું ઉત્તમ ઉદાહરણ**

આ કેમ્પમાં સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટના નિયામક ડૉ. પિયુષ મિતલ અને ડૉ. પ્રેરક યાદવે સર્જરીનું નેતૃત્વ કર્યું હતું. તેમને એનેસ્થેસિયા ટીમમાં ડૉ. રીમા વનસોલા અને ડૉ. કિંજલ આનંદે પૂરતો સહયોગ આપ્યો હતો. જ્યારે અમેરિકાથી આવેલા સ્પાઈન સર્જન્સ ડૉ.વિરલ જૈન, ડૉ. હર્ષદ પટેલ, ડૉ. કેરન યંગ, ડૉ. ડેવેલ કેરોલ અને ડૉ. સ્કોટ કોવન એ જટિલ પ્રક્રિયાઓમાં પોતાની કુશળતાનો લાભ આપ્યો હતો. આ સફળતા બાદ આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાએ પણ આ માનવીય અભિગમને બિરદાવ્યો હતો.

સંસ્થાના નિયામક ડૉ. પિયુષ મિત્તલે જણાવ્યું હતું કે, આરોગ્ય ક્ષેત્રે 'ઈન્ડો-અમેરિકન-ઈન્ટરનેશનલ' સહયોગને વધુ મજબૂત બનાવવાની જરૂર છે. આ પ્રકારના સહયોગ દ્વારા માત્ર જટિલ સારવાર જ શક્ય નથી બનતી, પરંતુ મેડિકલ વિદ્યાર્થીઓ અને ડૉક્ટરો માટે 'શૈક્ષણિક એક્સચેન્જ પ્રોગ્રામ' ને પણ વેગ મળશે. આનાથી ગુજરાતમાં મેડિકલ અને સર્જિકલ શિક્ષણના વિકાસમાં પાયાનું યોગદાન મળશે.

સર્જરી બાદ દર્દીઓ માટે 'પોસ્ટ સર્જરી રિહેબિલિટેશન' (પુનર્વસન) પણ એટલું જ મહત્વનું છે, જેના પર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના આ સફળ પ્રયોગે સાબિત કર્યું છે કે ઉચ્ચ ટેકનોલોજી અને નિષ્ણાત હાથોનો સમન્વય સામાન્ય માનવીના જીવનમાં પરિવર્તન લાવી શકે છે.

## કિશોરી સાથે દુષ્કર્મ કરવાના ગુનામાં યુવકને ૨૦ વર્ષની કેદની સજા ફટકારતી નડિયાદની કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નડિયાદ

વસો તાલુકાના રામોલ, વડારૂ વિસ્તારમાં રહેતા અને મૂળ બામરોલી નો યુવક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ભગાડી જઈ તેની સાથે દુષ્કર્મ કરવાના બનાવમાં નડિયાદની સ્પેશિયલ પોક્સો અદાલતે આરોપીને કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને કુલ રૂ. ૩૫,૦૦૦ના દંડનો હુકમ કર્યો છે. મળતી માહિતી મુજબ વસો તાલુકાના ગંગાપુર ગામેથી આરોપી દશરથ ઉર્ફે ભીખાભાઈ છોટાભાઈ સોલંકી (રહે. રામોલ, વડારૂ વિસ્તાર, મૂળ રહે. બામરોલી) એ ગત તારીખ ૧૯/૦૪/૨૦૨૪ ના રોજ ૧૪ વર્ષ અને ૪ માસની સગીર વયની બાળકીને લગ્ન કરવાની લાલચ આપી પટલાવી-ફોસલાવી ભગાડી ગયો હતો ત્યારબાદ નડિયાદ-બારકોશિયા રોડ પર આવેલા ઉસ્માનભાઈ અહેમદભાઈ સિનોરવાલાના ખેતરમાં આવેલા છાપરામાં લઈ ગયો હતો. અને ત્યાં સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. આ મામલે વસો પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અને આરોપીને પકડી પાડી તપાસ કર્યા બાદ ચાર્જશીટ કોર્ટમાં મૂકી હતી. આ કેસની નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં જજ પી. પી. પુરોહિત સમક્ષ ચાલ્યો હતો. જેમાં સરકારી વકીલ યોગીબેન કે. બારોટ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે સગીર વયની બાળકીઓ સામે વધતા જતા આવા ગુનાઓ અટકાવવા અને સમાજમાં મજબૂત દાખલો બેસાડવા આરોપીને મહત્તમ સજા થવી જોઈએ.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૪/૦૨/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૨૬૬ | ૪૬૫.૦૦ | ૫૩૫.૦૦ |
| ૨ | એરંડા | ૪૫ | ૧,૨૫૪.૦૦ | ૧,૨૭૦.૦૦ |
| ૩ | રાયડો | ૩૬ | ૧,૧૨૦.૦૦ | ૧,૧૪૦.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૩૬૦.૦૦ | ૪૦૦.૦૦ |
| ૫ | મકાઇ | ૧૫ | ૩૦૦.૦૦ | ૪૧૫.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૧૦૭ | ૧,૫૦૦.૦૦ | ૧,૫૭૬.૦૦ |

મુનિભજી સોફ્ટવેર

## સ્પોર્ટ્સ બાઈક ચોરીની આંતરરાજ્ય ગેંગ ઝબ્બે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં સ્પોર્ટ્સ બાઈકની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગના ચાર આરોપીને નારોલ પોલીસે રૂ. ૧૦.૫૦ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. પોલીસે કુલ ૬ સ્પોર્ટ્સ બાઈક રિકવર કર્યા છે. આ કાર્યવાહીથી નારોલ પોલીસ સ્ટેશનના ત્રણ, ભરૂચ સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનના બે તેમજ રાજકોટ શહેરના માલવિયાનગર પોલીસ સ્ટેશનનો એક વાહનચોરીનો ભેદ ઉકેલાયો છે.નારોલ પોલીસ સ્ટેશનની હદમાં એક જ રાત્રે ત્રણ સ્પોર્ટ્સ બાઈક ચોરી થયાની ઘટના સામે આવી હતી. ફરિયાદ નોંધાયા બાદ ઈન્સ્પેક્ટર પી.સી. દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના પીએસઆઈ આર.ડી. સાંબડે ઘટનાસ્થળ આસપાસના સીસીટીવી ફૂટેજ સહિત વિવિધ દિશામાં તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે સ્પોર્ટ્સ બાઈક ચોરીમાં ગુજરાત બહારની ગેંગ સક્રિય છે. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં આરોપીઓ મૂળ રાજસ્થાનના હોવાની માહિતી મળી આવી. ત્યારબાદ પીએસઆઈ આર.ડી. સાંબડ અને પીએસઆઈ પી.આર. સરવૈયાની ટીમે જયેશ ડામોર, નિલેશ પારગી, રાહુલ પટેલ અને સુનીલ ભુરિયા (તમામ રહે. બાંસવાડા, રાજસ્થાન)ને નારોલ ટ્રાન્સપોર્ટ નગર પાસેથી ઝડપી લીધા હતા.આરોપીઓની સઘન પૂછપરછ દરમિયાન તેમણે કબૂલાત કરી કે થોડા મહિના પહેલા નારોલ વિસ્તારમાંથી ત્રણ સ્પોર્ટ્સ બાઈક ચોરી કરી હતી. ઉપરાંત ભરૂચમાંથી પણ ત્રણ બાઈક ચોરી કરી હતી, પરંતુ તેમાંની એક બાઈક રસ્તામાં બંધ પડી જતા તેને બિનવારસી હાલતમાં મૂકી દીધી હતી. ત્યારબાદ રાજકોટ શહેરમાંથી એક સ્પોર્ટ્સ બાઈક ચોરી કરી હતી.

# ધાણધા માં ઘર કંકાસને લઈ પુત્ર એ જ પિતાની હત્યા કરી હોવાનો ભેદ ઉકેલાયો: ધાણધા નજીકથી લાશ મળી આવી હતી જેનો પોલીસે ભેદ ઉકેલ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ના ધાણધા નજીકથી ચારેક દિવસ અગાઉ મળી આવેલી ૫૫ વર્ષીય ગોપાલભાઈ ઓડ ની લાશનો ભેદ ઉકેલાયો છે. જેમાં પોતાના પુત્ર એ જ પિતાની હત્યા કરી હોવાનુ બહાર આવ્યુ છે.

સાબરકાંઠા જિલ્લા એસઓજી એ તપાસ કરી મૃતકના પુત્ર અને ભત્રીજાની ધરપકડ કરી છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ચારેક દિવસ અગાઉ ધાણધા નજીકથી ગોપાલભાઈની લાશ મળી આવી હતી, લાશ પર શંકાસ્પદ નિશાન હોવાથી પોલીસે એફએસએલ અને પોસ્ટમોર્ટમની મદદ લીધી હતી. રીપોર્ટમાં હત્યા થઈ હોવાની પુષ્ટી થતા પોલીસે તપાસ નો ધમધમાટ તેજ કર્યો હતો. તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે મૃતકનો પુત્ર મિતેશકુમાર ગોપાલભાઈ ઓડ અને તેનો ભત્રીજો ઈશ્વર શામળભાઈ ઓડ આ ગુન્હામાં સંડોવાયેલા હતા, પોલીસ પુછપરછમા હત્યારા પુત્રએ કબુલાત કરી હતી કે બીએસસીમાં અભ્યાસ કરી રહ્યો હતો. ત્યારે ઘરમાં સતત ઘર કંકાસ અને તેના અભ્યાસમાં પિતા દ્વારા કરવામાં આવતી કનડગત થી તે કંટાળી ગયો હતો. આ આવેશમાં આવીને તેણે અને તેના ભત્રીજાએ પિતા પર બોથડ પદાર્થ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધા હતા. એસઓજી પોલીસે ટેકનીકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી બંને આરોપીઓને ઝડપી લીધા છે. પિતાની હત્યા કરીને લાશને ફેંકી દેનાર પુત્ર અને તેના ભત્રીજાને હાલ જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.



ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# ડેઈલી માર્કેટ રિપોર્ટ: એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૮૦૧, ચાંદીમાં રૂ.૨૫૧૨ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૫ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૦૫૯.૨૭ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૫૬૨૨૫.૫ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૮૯૨.૩૦ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૯૧૧ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૭૯૨૮૭.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૦૫૯.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૫૬૨૨૫.૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૧૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૫૯૫.૯૫ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૭૮૯૨.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૭૬૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૨૩૩ અને નીચામાં રૂ.૧૬૦૨૯૫ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૫૯૮ના આગલા બંધ સામે રૂ.૮૦૧ ઘટી રૂ.૧૬૦૭૯૭ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૫૬ ઘટી રૂ.૧૨૮૬૨૦ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૪ ઘટી રૂ.૧૬૨૦૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૦૯ ઘટી રૂ.૧૫૮૩૭૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૫૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૯૦૦ અને નીચામાં રૂ.૧૫૭૬૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૯૦૯૬ના આગલા બંધ સામે રૂ.૪૯૬ ઘટી રૂ.૧૫૮૬૦૦ થયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૭૨૨૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૮૧૩૦ અને નીચામાં રૂ.૨૬૨૭૧૨ના મથાળે અથડાઈ, રૂ.૨૬૫૩૩૩ના આગલા બંધ સામે રૂ.૨૫૧૨ ઘટી રૂ.૨૬૨૮૨૧ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૪૦૪ ઘટી રૂ.૨૬૪૩૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૩૪૮ વધી રૂ.૨૬૫૯૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૩૫૧૭.૩૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૮.૯૫ વધી રૂ.૧૧૭૭.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો કોઈ ફેરફાર વગર રૂ.૩૨૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૩૦૫.૯૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૮૫ પૈસા ઘટી રૂ.૧૮૬.૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૪૦૨.૭૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૫૩૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૫૮૮ અને નીચામાં રૂ.૩૫૨૪ના સ્તરને સ્પર્શી, રૂ.૫૪ વધી રૂ.૩૫૮૮ થયો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૬૧૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૧૨૦ અને નીચામાં રૂ.૬૦૩૧ના સ્તરને સ્પર્શી, રૂ.૬૦૪૫ના આગલા બંધ સામે રૂ.૫ ઘટી રૂ.૬૦૪૦ થયો હતો. ક્રૂડ તેલ-




મિની માર્ચ વાયદો રૂ.૨ ઘટી રૂ.૬૦૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૨૬૮.૧ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૪.૧ ઘટી રૂ.૨૬૮.૪ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૫૧ના ભાવે ખૂલી, રૂ.૧૦.૪ ઘટી રૂ.૯૪૨ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૫૦ વધી રૂ.૨૫૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૪૧ના ભાવે ખૂલી, રૂ.૭૩ ઘટી રૂ.૨૪૮૧ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૩૬૯.૪૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૮૫૨૨.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૨૮૫૧.૧૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૪.૨૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૯.૩૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨૮.૨૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૯.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૫૨૮.૫૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૫૫.૧૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૯.૪૮ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૧.૨૮ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૭૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૧૩૮ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૩૨૦૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૭૨૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૯૯૫૯૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૫૦૩૯ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૬૧૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૬૦૨૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૪૯૫૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૨૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૭૧૨ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૬૯૧૯ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૯૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૪૦૦૩૨ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૯૦૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૦ પોઈન્ટ વધી ૩૯૯૧૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧ ઘટી રૂ.૩૨૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૯ ઘટી રૂ.૧૨.૯૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૪૪ ઘટી રૂ.૩૫૬.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૧.૫ ઘટી રૂ.૭૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૩ પૈસા ઘટી રૂ.૪૫.૩૧ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૬૫ પૈસા ઘટી રૂ.૪.૮૬ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૧ ઘટી રૂ.૩૧૬.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮૫ વધી રૂ.૨૩.૪ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮.૫ ઘટી રૂ.૧૬૩ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૫૨૮.૫ ઘટી રૂ.૧૭૩૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૨ ઘટી રૂ.૪૩.૭૪ના ભાવે બોલાયો હતો.

# ન્યાય તંત્રમાં ભ્રષ્ટાચાર : ધો.૮ ના પાઠયપુસ્તકમાં ઉલ્લેખ કરાયો: દેશભરમાં જજો સામે ૧૬૦૦ થી વધુ કેસ પેન્ડીંગ હોવાનુ અનુમાન

પ્રતિનિધિ,ગાંધીનગર

દેશમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને ન્યાયમાં વિલંબ થતા લાખો કેસ પેન્ડીંગ હોવાના અવાર નવાર ચમકતા અહેવાલો વચ્ચે હવે નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનીંગની ધોરણ ૮ ના સોશીયલ સાયન્સનુ પાઠયપુસ્તક વિવાદ સર્જે તેવા સંકેત છે.




આ પાઠયપુસ્તકમાં એક ચેપ્ટરમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર અને અદાલતમાં પેન્ડીંગ કેસોના પડકારનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે ભુતકાળમાં આ પ્રકારનો કદી ઉલ્લેખ રાષ્ટ્રીય પાઠયપુસ્તક મંડળે કર્યો નથી. ઈન્ડીયન એકસપ્રેસના રીપોર્ટ મુજબ નવા પાઠયપુસ્તકમા આપણા સમાજમાં ન્યાય પાલિકાની ભુમિકા નામના ચેપ્ટરમાં અદાલતો કઈ કઈ સમસ્યાઓનો સામનો કરી રહી છે તે દર્શાવાયુ છે અને તેમાં અલગ અલગ સ્તરો પર ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારની માહિતી બહાર આવી રહી હોવાનુ દર્શાવાયુ છે. આમ દેશમાં છાને ખુણે જે ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર મુદ્દે ચર્ચા થતી હતી તે હવે પાઠયપુસ્તક સુધી પહોચતા આગામી દિવસોમાં તે વિવાદનુ કારણ બની શકે છે.

આ પુસ્તકમા એ પણ જણાવાયુ છે કે અદાલતોમાં લાખો કેસ પેન્ડીંગ છે જેના કારણોમાં ન્યાય મુર્તિઓની ઓછી સંખ્યા, કાનુની જટીલ પ્રકીયા અને અદાલતોમાં યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રકચરનો અભાવ હોવાનુ દર્શાવાયુ છે.

નવા પાઠયપુસ્તકમાં આંકડા પણ આપવામાં આવ્યા છે જેમાં સુપ્રિમ કોર્ટમાં અંદાજે ૮૧ હજાર અને અલગ અલગ હાઈકોર્ટમાં ૬૨.૪૦ લાખ તેમજ જિલ્લા સહિતની અદાલતોમાં ૪.૭૦ કરોડ કેસ પેન્ડીંગ હોવાનુ દર્શાવાયુ છે.

આ પુસ્તકમાં જજો અંગે જણાવાયુ છે કે તેમના માટે આચારસંહિતા છે અને અદાલતની અંદર તથા અદાલતની બહાર તેમના આચરણને યોગ્ય રાખવાનુ હોય છે. જો કોઈ જજ સામે ફરીયાદો હોય તો તેના માટે એક સિસ્ટમ પણ હોવાનુ દર્શાવાયુ છે. અને આ આર્ટીકલમાં ૨૦૧૭ થી ૨૦૨૧ વચ્ચે કુલ ૧૬૦૦ કેસ જજ સામે પેન્ડીંગ હોવાનુ દર્શાવાયુ છે અને ખાસ કરીને આ પુસ્તકમાં પૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ બી આર ગવઈ ના એક વિધાનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં ન્યાયતંત્રની અંદર ભ્રષ્ટાચાર અને ખોટા આચરણની ઘટનાઓ બહાર આવી રહી હોવાનુ તેઓના કહેતા દર્શાવાયા છે. જો કે અગાઉના પુસ્તકમાં આ પ્રકારે કોઈ ભ્રષ્ટાચાર સંબંધી ઉલ્લેખ ન હતો, ફકત ન્યાયમાં વિલંબનો જ મુદ્દો હતો.

આ પુસ્તકમાં વિદ્યાર્થીઓને ચુંટણી બોન્ડ અને આઈટીએસ અંગે પણ અભ્યાસ કરાવાયો છે. તેમાં ચુંટણી બોન્ડ સુપ્રિમ કોર્ટે રદ કર્યા હોવાનુ પણ સ્વીકારાયુ છે.

એટલુ જ નહી આઈટી એકટ ના ઉલ્લેખમાં વિદ્યાર્થીઓને સોશીયલ મીડીયાના ઉપયોગમા સંયમ અને શુ અપરાધ બની શકે તે પણ દર્શાવાયુ છે.

# આદિવાસી વિસ્તારોમાં વિકાસના કામો ન થતા નારાજ સાંસદે મુખ્યમંત્રીને લખ્યો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

સાંસદ મનસુખ વસાવાએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે, નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર, સાગબારા, ડેડીયાપાડા વિસ્તારમાં સિંચાઈ માટે આદિવાસીઓ વલખા મારી રહ્યા છે. ત્યારે તેમને પાણી મળે તેવી વ્યવસ્થા કરવાની રજુઆત કરી છે,



ભાજપના સાંસદ દ્વારા જ વિકાસ કામો ન થતા હોવાની મુખ્યમંત્રી સમક્ષ ફરીયાદ કરી પત્રમાં લખ્યુ હતુ કે તેમને આશા હતી કે આ વખતના બજેટમાં ડેડીયાપાડા, સાગબારા વિસ્તારમાં સિંચાઈનુ પાણી મળી શકે તે માટે ગંગાપુર ડેમની જાહેરાત થાય તેવુ હતું.પરંતુ ગયા વખતે પણ જાહેરાત ન થઈ અને આ વખતના બજેટમાં પણ રહી ગયુ જેનાથી આદિવાસી સમાજ નારાજ થયો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે સરકાર ધારે તો કરી શકે તેમ છે. આ ઉપરાંત ઝઘડીયા, વાલીયા, નેત્રંગમાં પણ આદિવાસીઓને સિંચાઈના પાણીની તકલીફ પડી રહી છે. આ બાબતે પણ કોઈ આયોજન નથી કરાયુ, સરકારે બજેટમાં તેનુ આયોજન કરવાની જરૂર હતી,

વધુમાં તેમણે કહ્યુ કે ચિકદા પાસે ગંગાપુર ડેમ બનાવવાની વરસો જુની માંગ છે અને તેના માટે અમે બધી જ વિગતો આપી છે. પણ સરકારમાં તેની મંજુરી નથી અપાતી, સાંસદ મનસુખ વસાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે કરજણ અને નર્મદા ડેમ માટે જે લોકોએ જમીનો આપી તેમને સિંચાઈ પર સૌથી પહેલો હક્ક છે અને તેવા અનેક ગામ છે, જેમને આજે પણ સિંચાઈ માટેનુ પાણી નથી મળતુ.

### જનપ્રતિનિધિઓ અને હિતધારકો સાથે વિગતવાર સંવાદ કર્યો

# મંડલ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા કપડવંજ અને મોડાસા સ્ટેશનોનું નિરીક્ષણ

પરિચાલન દક્ષતાની સમીક્ષા, આધારભૂત માળખાના વિકાસ કાર્યોના મૂલ્યાંકનના ઉદ્દેશ્યથી વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે દ્વારા આજે, ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મંડળના વિવિધ વિભાગોના વિભાગાધ્યક્ષો સાથે તોરણા ગુડ્સ શેડ, કપડવંજ રેલવે સ્ટેશન તથા મોડાસા રેલવે સ્ટેશનનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું.



આ દરમિયાન તેમણે મોડાસા રેલવે સ્ટેશન પર માનનીય સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બરૈયા તથા અન્ય જનપ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો અને પરિચાલન સંબંધિત મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરી.

વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેના દ્વારા જારી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તોરણા ગુડ્સ શેડમાં માલ ઢુલાઈ કાર્યોની સમીક્ષા કરી તથા સ્થા બેઠકમાં તેમણે ટ્રેન પરિચાલનમાં સુધારણા, માલની સુગમ આવાજાહી તથા વપરાશકર્તાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા નિક હિતધારકો સાથે સંવાદ કર્યો. પરિચાલન સંબંધિત મુદ્દાઓના ઉકેલ પર ચર્ચા કરવામાં આવી. શ્રી ભડકેએ સમયબદ્ધ લોડિંગ અને અનલોડિંગની ખાતરી કરવા માટે માલ ગ્રાહકો સાથે વધુ સારું સમન્વય કરવા પર ભાર મૂક્યો.

કપડવંજ રેલવે સ્ટેશનના નિરીક્ષણ દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ મંડળના અધિકારીઓ સહિત નગરપાલિકાના સભ્યો તથા સ્થાનિક નાગરિકો સાથે બેઠક કરી. બેઠકમાં રોડ અંડર બ્રિજ (RUB)ના વિસ્તારણ અને સંપર્ક માર્ગોના સુધારા જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા થઈ, જેથી યાત્રાવ્યવહાર સુગમ બને અને યાત્રીઓને વધુ સારી સુવિધા મળી શકે. શ્રી ભડકેએ આશ્વાસન આપ્યું કે ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર સંબંધિત પ્રાધિકારીઓ સાથે સમન્વય કરી જરૂરી કાર્યવાહી કરવામાં આવશે.

મોડાસા રેલવે સ્ટેશન પર મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ માનનીય સાંસદ શોભનાબેન મહેન્દ્રસિંહ બરૈયા, નગરપાલિકાના સભ્યો તથા APMCના પ્રતિનિધિઓ સાથે સંવાદ કર્યો. બેઠકમાં નડિયાદ-શામળાજી રેલ જોડાણને મજબૂત કરવા, સુરક્ષાની દૃષ્ટિએ લેવલ ક્રોસિંગ (LC) ગેટોના યુક્તિકરણ અને બંધ કરવા, ઘઉંની લોડિંગ, ખાતરની અનલોડિંગ તથા અન્ય પરિચાલન સંબંધિત વિષયો પર વિગતવાર ચર્ચા કરવામાં આવી.

શ્રી ભડકેએ ફરી જણાવ્યું કે વડોદરા મંડલ સુરક્ષિત, કુશળ અને યાત્રી-હિતેષી રેલ સેવાઓ પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.


આ મુલાકાત જનપ્રતિનિધિઓ, નાગરિક સંસ્થાઓ અને વેપારી હિતધારકો સાથે સક્રિય સહભાગિતાનું પ્રતીક છે, જેથી વિકાસાત્મક અને પરિચાલન સંબંધિત પ્રાથમિકતાઓને સમયબદ્ધ રીતે પૂર્ણ કરી શકાય.

# જો વિદ્યાર્થીની પરીક્ષાની હોલ ટીકીટ અટકાવી તો શાળા સંચાલકો વિરૂધ્ધ થશે કાર્યવાહી: જિલ્લા શિક્ષણાધિકારી

પ્રતિનિધિ,ગાંધીનગર

નજીકના સમયગાળામાં ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ ની પરીક્ષા મામલે આપવામાં આવતી પરીક્ષાની રીસીપ્ટ કોઈપણ શાળા સંચાલકે અટકાવવી નહી તેવા આદેશ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કર્યા છે. કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓની ફી ભરવાની બાકી હોવાના મામલે રીસીપ્ટ અટકાવી હોવાની ફરીયાદો આવી રહી છે,

જેને લઈ અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ ગંભીરતાથી નોંધ લીધી છે. જો શાળા સંચાલક પરીક્ષાની રીસીપ્ટ અટકાવશે અને વિદ્યાર્થી પરીક્ષા આપવાથી વંચિત રહેશે તો શાળા સામે કડક કાર્યવાહી કરવાની સુચના પણ જિલ્લા શિક્ષણાધિકારીએ આપી છે. ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષાને લઈને હાલમાં શાળાઓ દ્વારા વિદ્યાર્થીને પરીક્ષાની રીસીપ્ટ આપવાની કામગીરી ચાલી રહી છે. પરંતુ કેટલીક શાળાઓએ વિદ્યાર્થીઓની ફી ભરવાની બાકી હોવાના મામલે રીસીપ્ટ અટકાવી હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. વિદ્યાર્થીઓને પરીક્ષાની રીસીપ્ટ આપવામાં નહી આવતી હોવાની ફરીયાદના આધારે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કોઈપણ શાળા સંચાલક વિદ્યાર્થીની પરીક્ષાની રીસીપ્ટ અટકાવી શકશે નહી તેવી તાકીદ કરી છે. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યુ છે કે ગુજરાત બોર્ડની આગામી તારીખ ૨૬ થી પરીક્ષા શરૂ થઈ રહી છે. મોટાભાગની શાળાઓમાં આ રીસીપ્ટ આપવાની કામગીરી ચાલી રહી છે. જો શાળા સંચાલક કોઈપણ કારણસર વિદ્યાર્થીને રીસીપ્ટ આપવાનો ઈન્કાર કરે છે તો વિદ્યાર્થી કે તેના વાલી અમારી હેલ્પ લાઈન પર સંપર્ક કરી શકે છે અને તેમાં કેન્દ્ર સંચાલકોને આ બાબતે વિનંતી પણ કરી શકે છે અને સુચના પણ કેન્દ્ર સંચાલકોને આપવામાં આવી છે. કોઈપણ વિદ્યાર્થીની હોલ ટીકીટ ફી બાકી હોય તો ન આપવામાં આવે તેવુ કરી શકાય નહી. આ વરસે બે સ્કુલોમાંથી અમને ફરીયાદ મળી હતી, જેમાં સાબરમતી રામનગરની અમૃત સ્કુલ અને મકતમપુરાની મોડલ સ્કુલ આ બે સ્કુલની અમને ફરીયાદ મળી હતી. જે બાબતે શાળા સંચાલકોને સુચના આપી વિદ્યાર્થીઓને રીસીપ્ટ આપવામાં આવી છે. પરંતુ આ ખુબ ગંભીર બાબત છે. જેને ધ્યાને લઈને તમામ શાળાના સંચાલકોને આદેશ કર્યા છે કે કોઈપણ વિદ્યાર્થીની હોલ ટીકીટ અટકાવવી નહી.



સંચાલક વિદ્યાર્થીની ફી બાબતે પુછપરછ કરી શકે તેમજ તેઓની પાસે પાછળથી ફી ભરી દઈશુ તેવુ લેખિત લઈ શકે છે. પરંતુ હોલ ટીકીટ અટકાવી શકે નહી. સંચાલકે હોલ ટીકીટ આપવી પડે છે.હોલ ટીકીટ અટકાવવી એ એક પ્રકારની શારીરિક માનસિક શિક્ષા બરાબર કહેવાય. માધ્યમિક શિક્ષણ બોર્ડના નિયમોનુ ઉલ્લંઘન થયુ કહેવાય, જેથી જો કોઈ શાળા સંચાલક વિદ્યાર્થીની હોલ ટીકીટ અટકાવશે તો નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

### ખેડૂતો, યુવાનો, શ્રમિકો અને ભાગિયાઓને યાત્રામાં જોડાવા અપીલ: ચૈતર વસાવા

# AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ખેડૂતોને "પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા"માં જોડાવા અપીલ કરી

અમદાવાદ/નર્મદા/ભરૂચ/

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ એક વીડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે, પરિવર્તન લાવો અને કિસાન બચાવોના બેનર હેઠળ આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા અને ફ્ન્ટલ સંગઠન પ્રદેશ પ્રવીણ રામ દ્વારા આજે ૨૪ ફેબ્રુઆરીથી સોમનાથના ભગવાન મહાદેવના ધામથી "પરિવર્તન લાવો, કિસાન બચાવો યાત્રા"ની શરૂઆત થઈ છે. ગુજરાતના ખેડૂતોના દેવા માફ થાય, ટ્રેડ ડીલ રદ થાય, કડદા પ્રથા રદ થાય તથા ખેડૂતોને વીમા યોજના હેઠળ પોતાની નુકસાનીને સહાય મળે તેને લઈને આ યાત્રાની શરૂઆત થઈ છે.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, આ યાત્રામાં મોટી સંખ્યામાં ખેડૂતો, યુવાનો શ્રમિકો, ભાગિયાઓ, ખેતમજૂરો જોડાય તેવી મારી અપીલ છે. ગાંધીનગર ખાતે ૮મી માર્ચના રોજ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી તથા પંજાબની આમ આદમી પાર્ટીની સરકારના મુખ્યમંત્રી ભગવંત માન સાહેબની હાજરીમાં આ યાત્રાની પૂર્ણાહુતિ થશે. આમ આદમી પાર્ટી સડકથી લઈને સદન સુધી ખેડૂતોના મુદ્દે લડત લડી રહી છે, તો તમામ લોકોનો આ યાત્રામાં સહકાર મળે અને આશીર્વાદ મળે એવી અમે અપેક્ષા રાખીએ છીએ.


## પશ્ચિમ રેલ્વે – રતલામ વિભાગ

### એન્જિનિયરિંગ વિભાગ: ઇ-ટેન્ડરિંગ સૂચના

નંબર: W/623/5/3/NIT, તારીખ: 21.02.2026, મંડલ રેલ પ્રબંધક મંડળ કાર્યાલય (હિસાબ શાખા) પશ્ચિમ રેલ્વે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી વેબસાઇટ www.ireps.gov.in પર ઇ-ટેન્ડરિંગ દ્વારા 'ખુલ્લા ટેન્ડર' આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે.

ક્રમનંબર: 1, ઇ-ટેન્ડરિંગ નંબર: RTM-2025-26-199, કામનું નામ: GDA-NADવિભાગ:- વિવિધ સ્ટેશનો પર પીવાના પાણીનો પુરવઠો, સ્ટેશનો વચ્ચે LC ગેટ અને 2 વર્ષ માટે ઓવરહેડ અને ભૂગર્ભ ટાંકીઓની સફાઈ, અંદાજિત ખર્ચ: ₹ 1,22,34,886.52, અર્નેસ્ટ મની: ₹ 2,11,200.00, ટેન્ડર ખોલવાની તારીખ: તા. 16.03.2026. વિગતવાર ટેન્ડર સૂચના પાત્રતા શરતો અને અન્ય શરતો વેબસાઇટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ADM/5/1/477

અમને ફોલો કરો: twitter.com/WesternRly

## પશ્ચિમ રેલ્વે - દાહોદ

ટેન્ડર સૂચના નંબર: M247GLRS5400T252636
તારીખ: 21.02.2026

કામનું નામ: WAG7 ઇલેક્ટ્રિક લોકોનો મુખ્ય ટ્રાન્સફોર્મર પ્રકાર - HETT 5400T નું સંપૂર્ણ સમારકામ અને પુનર્વસન, સરનામું: મુ.કા.પ્ર./દાહોદ પશ્ચિમ રેલ્વે ઓફિસ, કામની અંદાજિત કિંમત: ₹ 6,47,11,520/-, અર્નેસ્ટ મની ડિપોઝિટ: ₹ 4,73,600.00/-, ઇ-ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય : ઇ-ટેન્ડર જમા કરવાની નિયત તારીખ અને સમય તા.16.03.2026 ના 14:30 કલાક સુધી છે અને ઇ-ટેન્ડર તે જ દિવસે 15:00 કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર સૂચના અને ફોર્મ ઉપલબ્ધતા: www.ireps.gov.in/E-Tenders/Works/IR Electrical.

ADM/7/1/476

અમને ફોલો કરો: twitter.com/WesternRly

## પશ્ચિમ રેલ્વે

### મશીન કચડાયેલ પથ્થર

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ -400008, ઈ-ટેન્ડર સૂચના નં. BCT/25-26/324, તા. 23.02.2026 ને આમંત્રણ આપે છે. કાર્ય અને સ્થાન: વિરાર-જોરાવાસન વિભાગ: ટ્રેક બેલાસ્ટ માટે સ્પષ્ટીકરણ મુજબ 50mm કદના મશીન ક્રશ્ડ સ્ટોન બેલાસ્ટનો પુરવઠો એટલે કે IS/RDSO-GE/0001:2023) ફેબ્રુઆરી-2023 અથવા અતુલ મેગા ડેપો ખાતે હોપર્સમાં બેલાસ્ટનું અપ ટુ ડેટ લોડિંગ. (બેલેન્સ જથ્થો 91,350.46 c u m ). કામનો અંદાજિત ખર્ચ: ₹ 8,48,10,680.56. EMD: ₹ 5,74,100/-. સબમિશનની તારીખ અને સમય: તા. 24.03.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 24.03.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

1165

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# શું દેશના સૌથી વિશ્વાસપાત્ર એવા ન્યાયતંત્રને પણ લૂણો લાગ્યો છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

વિશ્વમાં સૌથી મોટો એવો આપણો ભારત દેશ ચીન પછી બીજા નંબરે આવે છે. આપણો દેશ સૌથી મોટો લોકશાહી દેશ છે. અને આ લોકશાહીના મૂળભૂત આધારસ્તંભો પૈકી એક ન્યાયતંત્ર જ એવો સ્તંભ છે કે જેના પર દેશના તમામ નાગરિકોને અતૂટ વિશ્વાસ છે. ચૂંટાયેલા સભ્યોથી માંડીને વહીવટીતંત્ર સહિતના આધારસ્થંભો દેશના લોકોમાંથી વિશ્વાસ ગુમાવી ચૂકયા છે. કારણકે તેને ભ્રષ્ટાચારનો લૂણો લાગી ચૂકયો છે.

જયારે દેશનું મીડિયા પણ પોતાના ભ્રષ્ટ આચરણને કારણે ભરોસાનો આધાર દેશની જનતામાંથી ગુમાવી ચૂકયું છે. ત્યારે એક માત્ર ન્યાયતંત્ર જ એવો આધારસ્તંભ છે કે જેના પર મોટા ભાગના નાગરિકોને પૂરો ભરોસો છે પરંતુ હવે જે રીતે આ સન્માનિય ન્યાયતંત્ર અંગે પણ અહેવાલો આવી રહયા છે તે ચોંકાવનારા છે.

ભારત માંતો ન્યાયતંત્રને ન્યાયનું મંદિર માનવામાં આવે છે. જયાં વિવાદોનું નિરાકરણ થાય છે. અને નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય છે. કોઈપણ મુશ્કેલ કે જટિલ પરિસ્થિતીમાં ન્યાયતંત્ર એ નાગરિકો માટે છેલ્લો ઉપાય છે. પરંતુ ન્યાયિક અધિકારીઓની કામગીરી અંગે જ જો પ્રશ્નો ઊભા થાય છે તો ન્યાયની આશા પર રહેલા વિશ્વાસનું શું થશે?

આ ચિંતા સરકારી ડેટા પરથી જ પેદા થઈ છે જેમાં જણાવાયું છે કે ભારતના મુખ્ય ન્યાયાધીશના કાર્યાલયને ૨૦૧૬ થી વર્તમાન ન્યાયાધીશો સામે ૮૬૦૦ થી વધુ ફરિયાદો મળી છે. સરકારે પોતે લોકસભામાં અહેવાલ આપ્યો કે ૨૦૨૪ માં સૌથી વધુ ફરિયાદો જજ સહિતના ન્યાયિક પદાધિકારીઓ સામે દાખલ કરવામાં આવી હતી. જે બતાવે છે કે આ વલણ સમય જતાં વધી રહ્યું છે. છેલ્લા એક દાયકામાં મળેલી અ-ધ-ધ ફરિયાદો ચોક્કસપણે મોટી ચિંતાનો વિષય છે કેમ કે ખરેખર લોકશાહીમાં ન્યાયતંત્ર એ નિષ્પક્ષતા, પારદર્શિતા, પ્રમાણિકતા અને સમર્પણ સાથે કાર્ય કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. નાગરિક અધિકારોનું રક્ષણ કરવું એ ન્યાયતંત્રની ટોચની પ્રાથમિકતા છે. અને તેથી તે જનતા માટે હિમ્મત અને વિશ્વાસના સ્રોત તરીકે કામ કરે છે.

ગયા માર્ચ મહિનામાં દિલ્હીના એક ન્યાયાધિશના નિવાસસ્થાન પરથી બળી ગયેલી ચલણી નોટોના બંડલો મળી આવવાના કિસ્સાની તપાસમાં નોંધપાત્ર પ્રગતિના અભાવ અંગે આજે પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે જો આ કેસમાં કોઈ વહીવટી અધિકારી અથવા સામાન્ય નાગરિક સામેલ હોત તો તપાસ પ્રક્રિયા અત્યાર સુધીમાં ઘણી આગળ વધી ગઈ હોત. આવી પરિસ્થિતીમાં એક મુખ્ય પરિબળ હાઈકોર્ટોના ન્યાયાધીશોને સંડોવતી તપાસ અને કાર્યવાહી પ્રક્રિયાનું જટિલ માળખું છે. જેને ન્યાયિક પ્રક્રિયામાં નાગરિકોનો વિશ્વાસ જાળવી રાખવા માટે સરળ અને સ્પષ્ટ કરવાની જરૂર છે.

### AAP પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું

# આમ આદમી પાર્ટી ગુજરાતના ખેડૂતોની સથવારે : AAPની ''પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા''નું સોમનાથથી પ્રસ્થાન

### AAP નેતા ઈસુદાન ગઢવી, પ્રવીણ રામ અને મનોજ સોરઠીયાની આગેવાનીમાં ''પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા''ની થઈ શરૂઆત

અમદાવાદ/ગીર સોમનાથ

આમ આદમી પાર્ટી દ્વારા ખેડૂતોના પ્રશ્નોને લઈને ''પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા''ની શરૂઆત સોમનાથથી કરવામાં આવી. યાત્રાની શરૂઆત પહેલાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા સહિત આગેવાનો અને કાર્યકર્તાઓએ ભગવાન સોમનાથ મહાદેવના દર્શન કરીને આશીર્વાદ લીધા અને ત્યારબાદ AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ યાત્રા પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં શરૂ થઈ છે. યાત્રાના પ્રારંભ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂતો, કાર્યકરો અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતોમાં આ યાત્રાને લઈને ખૂબ જ ઉત્સાહ જોવા મળ્યો હતો અને અનેક ખેડૂતોએ યાત્રામાં જોડાઈને પોતાના હક્ક અને અધિકાર માટે લડત આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.





આ દરમિયાન પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ મીડિયા સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે ખેડૂતો પર ખૂબ જ અત્યાચાર થઈ રહ્યો છે. ૫૪ લાખ ખેડૂતોના પરિવારો આજે પીડાઈ રહ્યા છે. ખેડૂતોને પૂરતા ભાવ નથી મળતા, પૂરતી વીજળી નથી મળતી, ખેડૂતોના ઉભા પાકમાં વીજળીના થાંભલાઓ નાંખવામાં આવે છે અને તેમને હેરાન પરેશાન કરવામાં આવે છે, આ સિવાય ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર અને બિયારણ મળતું નથી અને પાક વીમા યોજનાનો પણ લાભ મળતો નથી. તો આવા ખેડૂતોના અનેક મુદ્દાઓને લઈને આમ આદમી પાર્ટી હંમેશા મજબૂતાઈથી અવાજ ઉઠાવતી રહી છે. આમ આદમી પાર્ટીના ખેડૂત આગેવાન પ્રવીણભાઈ રામ ખેડૂતો માટે લડત લડીને ૧૦૮ દિવસ જેલમાં રહ્યા. છતાં પણ ખેડૂતોના મુદ્દાઓ ઉકેલાયા નથી જેના કારણે આમ આદમી પાર્ટી એ નક્કી કર્યું કે આમ આદમી પાર્ટી ''પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા'' શરૂ કરશે અને ખેડૂતોના અવાજને બુલંદ બનાવશે.

વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીના નેતા પ્રવીણ રામ અને મનોજ સોરઠીયાની આગેવાનીમાં ''પરિવર્તન લાવો, ખેડૂત બચાવો યાત્રા'' ગુજરાતની વિવિધ વિધાનસભાઓમાંથી પસાર થશે. ૮ માર્ચના રોજ યાત્રાની પુર્ણાહુતિ દરમિયાન ખેડૂત મહાસંમેલનનું આયોજન થશે, જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી પધારશે. આ યાત્રા પૂર્ણ થશે ત્યારબાદ આમ આદમી પાર્ટી ગુજરાતના બીજા વિસ્તારોમાંથી બીજા દેવના દર્શન કરી અને આશીર્વાદ લઈને ખેડૂતો માટે બીજી એક યાત્રા શરૂ કરશે. હાલ અમારી સાથે ખૂબ જ મોટી સંખ્યામાં ખેડૂતો અને ખેડૂત આગેવાનો જોડાઈ રહ્યા છે. આ યાત્રા દરમિયાન અમારા આગેવાનો અને નેતાઓ ગામેગામ જશે અને ખેડૂતોની તકલીફો જાણશે.

ત્યારબાદ આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા અને ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામે મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે ભગવાન ચંદ્રએ પણ પોતાના શ્રાપમાંથી મુક્તિ મેળવવા માટે અહીંયા આવીને તપ કર્યું હતું તો એ જ રીતે ગુજરાતના ખેડૂતોને પણ તેમની તકલીફોમાંથી મુક્ત કરવા માટે સોમનાથ દાદાના દર્શન કરીને એક તપ કરવા જઈ રહ્યા છીએ. ખેડૂતો માટે અમે પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરવા માટે તૈયાર છીએ. ૧૦૮ દિવસના જેલવાસ બાદ હું સૌ પ્રથમ વખત ખેડૂતોની વચ્ચે જઈ રહ્યો છું, તેનો મને ખૂબ જ આનંદ છે. આ દરમિયાન આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા ઈસુદાનભાઈ ગઢવી, મનોજભાઈ સોરઠીયા સહિત અનેક આગેવાનો ઉપસ્થિત છે, જેના કારણે અમને તમામ લોકોને ખૂબ જ ઉત્સાહ છે. અમે ખેડૂતોની વચ્ચે જઈશુ, તેમના પ્રશ્નો સાંભળીશું અને જેટલી પણ લડત લડવી પડે એટલી લડત લડવા તૈયાર છીએ કારણ કે સોમનાથ દાદાના આશીર્વાદ અમારી સાથે છે.

### ગોંડલમાં AAP નેતા જીગીશા પટેલ પર જીવલેણ હુમલો થયોઃ મનોજ સોરઠીયા

# AAP નેતા જીગીશા પટેલ પર થયેલ હુમલાને પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ કડક શબ્દોમાં વખોડ્યો

### ઉપરવાળો ભાજપના અહંકારી નેતાઓને સદબુદ્ધિ આપે એવી પ્રાર્થનાઃ મનોજ સોરઠીયા

અમદાવાદ/રાજકોટ/સુરત/

આમ આદમી પાર્ટીના નેતા પર ભાજપ દ્વારા હુમલો કરવામાં આવતા આપ પ્રદેશ મહામંત્રી મનોજ સોરઠીયાએ વિડિયોના માધ્યમથી જણાવ્યું હતું કે આજે ગોંડલમાં આમ આદમી પાર્ટીના નેતા જીગીશાબેન પટેલ ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. એમનો વાંક માત્ર એટલો હતો કે ગોંડલમાં લોકોની ફરિયાદ સાંભળવા માટે જ્યારે લોકોએ તેમને બોલાવ્યા, ત્યારે તેઓ ત્યાં ગયા હતા. તેમણે ભાજપના કોર્પોરેટરને બોલાવી આ મુદ્દા પર રજુઆત કરી હતી.આજે ગુજરાતમાં ભાજપના નેતાઓનો અહંકાર એટલો વધી ગયો છે કે તેઓને હવે લોકોની વાત સાંભળવી પણ ગમતી નથી. કોઈ સવાલ પૂછે, કોઈ તેમના કામ અંગે પ્રશ્નો કરીને તેમને ઘેરવાની કોશિશ કરે તો તેઓ સહન કરી શકતા નથી. સત્તામાં ત્રીસ વર્ષથી હોવા છતાં લોકોના પ્રશ્નોનું સમાધાન કરવાની જગ્યાએ આવા જીવલેણ હુમલા કરવાનું કામ કરવામાં આવે છે. ખૂબ દુઃખની વાત છે.

AAP નેતા મનોજ સોરઠીયાએ વધુમાં જણાવ્યું હતું કે હું ભગવાનને પ્રાર્થના કરું છું કે બહેનને શક્તિ આપે અને તેઓ જલ્દી સાજા થાય. સાથે સાથે ભાજપના અહંકારી નેતાઓને પણ સદબુદ્ધિ આપે, કારણ કે ગુજરાતની રાજનીતિમાં આવા હુમલાઓનું કોઈ સ્થાન નથી. ગુજરાતના લોકો તમને સારી રીતે ઓળખી ગયા છે. ગુજરાતની જનતા જાણે છે કે ત્રીસ વર્ષથી કંઈ કામ ન કરી શકવાના કારણે આજે આવી સ્થિતિ ઉભી થઈ છે. મારી વિનંતી છે કે આવા હુમલાઓ બંધ કરો. આવતી કાલે તમારા ઘરમાં પણ દીકરીઓ અને બહેનો હોઈ શકે. હિંસા અને હુમલાની રાજનીતિ ગુજરાત માટે યોગ્ય નથી. આવા હુમલાઓ વધતા જાય અને પરિસ્થિતિ વધુ ખરાબ બને તે પહેલાં ચેતવાની જરૂર છે. ભગવાન ભાજપના નેતાઓને સદબુદ્ધિ આપે અને જીગીશાબેન પટેલ જલ્દીથી સાજા થઈ ફરીથી લોકસેવામાં જોડાય તેવી પ્રાર્થના કરું છું.

# ગોંડલમાં આમ આદમી પાર્ટીના મહિલા નેતા જીગીશાબેન પટેલ પર હીચકારો હુમલોઃ કારના કાચ તોડી હાથપાઈ કરી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગોંડલમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ સંયુકત સચિવ જીગીશા પટેલ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલો અજાણ્યા શખ્સો અને મહિલાઓના ટોળાએ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. સ્થાનિક મહિલાઓની રજુઆત અને પ્રશ્નો સાંભળવા માટે મહિલા નેતા ગયા હતા, આ દરમિયાન મહિલા નેતાની કાર ને ઘેરીને પથ્થરમારો કરવામાં આવ્યો હતો અને તેમની સાથે હાથપાઈ પણ કરવામાં આવી હતી. આ ઘટનામાં મહિલા નેતા જીગીશા પટેલ ને ઈજાઓ પહોચતા તેઓને તાત્કાલીક હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર ગોંડલના ઘોઘાવદર રોડ પર આવેલા સરગમ પાર્ક પાસે જીગીશા પટેલ સ્થાનિક મહિલાઓની રજુઆત અને પ્રશ્નો સાંભળવા માટે ગયા હતા, આ દરમિયાન અચાનક ૫ થી ૬ અજાણી મહિલાઓ અને બે પુરુષોના ટોળાએ કારનો કાચ ફોડીને જીગીશા પટેલ પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં જીગીશા પટેલને માથાના ભાગે ઈજાઓ પહોચતા તેમને પ્રથમ ગોંડલ સીવીલ હોસ્પીટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.



આ ઘટનાને લઈને ગોંડલ અને રાજકોટના આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાની જાણ થતા જ ગોંડલ પોલીસની ટીમ હોસ્પીટલ અને ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે હુમલાખોરોનો ઓળખ કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ગેનીબેન ઠાકોરની હાજરીમાં સમાજના બંધારણના નિયમોનો ભંગ : અર્જુન ઠાકોરે ફેસબુક પર પોસ્ટ કરી કટાક્ષ કર્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

છેલ્લા એક મહિનાથી ઠાકોર સમાજ ભારે ચર્ચામાં આવ્યો છે. ઠાકોર સમાજનુ બંધારણ બનાવ્યા બાદ સતત અંદરો અંદર વિવાદો જોવા મળી રહ્યા છે. ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોરે સમાજનુ બંધારણ તોડયુ હતું તેવા આક્ષેપ તેમના પર કરાયા હતા,

આ પછી તેમને સમાજમાંથી બહાર કરી દેવામાં આવ્યા હતા. હવે આ મામલો ફરી એકવાર ગરમાયો છે, હારીજ ખાતે પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ દશરથ ઠાકોરના પુત્રના લગ્ન રીસેપ્શનને લઈને ઠાકોર સમાજમાં વિવાદ ઉભો થયો છે. સમાજ દ્વારા ખર્ચાળ લગ્ન પ્રસંગો પર રોક લગાવવા બનાવાયેલા ૧૬ મુદ્દા ના બંધારણ વચ્ચે આ પ્રસંગે વીઆઈપી રીસેપ્શન, વીઆઈપી ભોજન અને ખાસ વીઆઈપી કંકોત્રી જેવી પ્રથાઓ યોજાઈ હતી, આ કાર્યક્રમમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર ની હાજરી પણ નોંધપાત્ર રહી હતી. સમાજના આગેવાનોની હાજરીમાં જ બંધારણના નિયમોનુ ઉલ્લંઘન થવાને કારણે સામાન્ય લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે કે શું નિયમો માત્ર ગરીબ અને મધ્યમવર્ગ માટે જ લાગુ પડે છે ?




સોશીયલ મીડીયામાં આ મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે. અર્જુન ઠાકોરે ફેસબુક પોસ્ટ પર કટાક્ષ કરતા લખ્યુ છે કે બંધારણ બાંધવાવાળાને નિયમ નડતાજ નથી, તેમના નિવેદન બાદ યુવાનોમાં રોષ વધુ તેજ બન્યો છે. વાવ થરાદ વિસ્તારમા યોજાયેલી બેઠકમાં સમાજે ડી જે, હલ્દી રસ્મ અને ભવ્ય એન્ટ્રી જેવી પ્રથાઓ પર પ્રતિબંધ મુકયો હતો, અગાઉ ડીસામાં ડી જે મુદ્દે થયેલા વિવાદમાં કેટલાક લોકોને સમાજ બહાર પણ કરવામાં આવ્યા હતા.

# ભરૂચ એ ડીવીજન પોલીસે ઝડપી પાડેલ વાહનોના રીકવરી એજન્ટોને ધોમધખતા તાપમાં ખુલ્લા પગે ફેરવી સમગ્ર ઘટનાનુ રી કન્સ્ટ્રકશન કરાયું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ભરૂચ એ ડીવીજન પોલીસે વાહનોની રીકવરી કરતા એજન્ટોને ધોમધખતા તાપમાં ખુલ્લા પગે ફેરવી સમગ્ર ઘટનાનુ રી કન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યુ હતું.

બંને એજન્ટોની ગુંડાગીરીના કારણે કેટલાક વિસ્તારમાં એજન્ટોને કારણે એક વ્યકિતનુ મોત નિપજયુ હતું.



એ ડીવીજન પોલીસ દ્વારા રીકવરી એજન્ટ યોગેશ બેલેરાવ અને સંજુ વસાવાને ઘટનાસ્થળે લઈ જઈ રી કન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યુ હતું. ધોમધખતા તડકાની ગરમીમાં બંને આરોપીઓને ઉઘાડા પગે ફેરવી ઘટનાક્રમની પુનઃરચના કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે ભરૂચના રહાડપોર રોડ પર યોગેશ બેલેરાવની ટોળકી દ્વારા વાહન ચાલકોને ધમકાવી અને દબાણ કરીને વાહનો કબ્જે કરવામાં આવતા હતા.

આ ત્રાસના કારણે ૪૩ વર્ષીય ઉર્વીશ મોદીને હૃદય રોગનો હુમલો આવતા તેમનુ મૃત્યુ થયુ હતું. પરીવારજનોનો આક્ષેપ હતો કે ધમકીઓ અને દબાણને કારણે તેમને ભારે માનસિક આઘાત પહોચ્યો હતો. આ ઘટનાના અનુસંધાને વધુ એક યુવાન શહેજાન સોયેબ ખલીફા પોલીસ સમક્ષ હાજર થઈ યોગેશ બેલેરાવ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી હતી. તેના આધારે વધુ એક ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે બંને આરોપીઓ સામે કડક કલમો હેઠળ કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરાઈ છે. શહેરમાં રીકવરી એજન્ટોની દાદાગીરી સામે પોલીસની આ કાર્યવાહીના કારણે એજન્ટોમાં ફફડાટ વ્યાપી ઉઠયો છે.

# કોંગ્રેસની દેશ વિરોધી માનસિકતા સામે હિંમતનગર ખાતે જિલ્લા ભાજપ મહિલા મોરચા દ્વારા ભારે સુત્રોચ્ચાર સાથે ધરણા પ્રદર્શન યોજાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

દેશની રાજધાની દિલ્હી ખાતે તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અસંખ્ય દેશોના રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને પ્રતિનિધિ મંડળોની ઉપસ્થિતિમાં ભારત મંડપમ્ ખાતે યોજાયેલ એઆઈ સમિટમાં ભારતે રજુ કરેલા ઠરાવો પર ઉપસ્થિત દેશોના વડાઓએ હસ્તાક્ષર કરીને ભારતની વિચારસરણીને બિરદાવી છે.

ત્યારે દેશ વિરોધી માનસિકતા ધરાવતા કોંગ્રેસના અગ્રણીઓએ કરેલા હાસ્યાસ્પદ વિધાનોનો સમગ્ર દેશમાં કોંગ્રેસની હરકતો ટીકા પાત્ર બની છે.

ત્યારે સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ટાવર ચોક ખાતે વિરોધ પ્રદર્શનનુ સફળ આયોજન કરાયુ હતું. ટાવર ચોક ખાતે યોજાયેલ આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, જિલ્લા સંગઠન પ્રભારી ગજેન્દ્રભાઈ સકસેના, કુ. કૌશલ્યાકુંવરબા, મહામંત્રી પ્રેમલ દેસાઈ, બિપીન ઓઝા સહિત કાર્યકરોની ઉપસ્થિતિમાં રાહુલ ગાંધી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.





# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૨૮મીએ ગુજરાતના એક દિવસીય પ્રવાસે

પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ ૨૮ ફેબ્રુઆરી ના રોજ પોતાના વતન ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ મુલાકાત દરમિયાન તેઓ અમદાવાદના સાણંદ નજીક મહત્વકાંક્ષી પ્રોજેકટનુ લોકાર્પણ કરીને રાજયને નવી વિકાસની ભેટ આપશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ મી એ બપોરે ૩:૩૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર આવી પહોચશે. એરપોર્ટ પર તેમના સ્વાગત માટે રાજય સરકાર અને વહિવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. વડાપ્રધાનનો આ પ્રવાસનો મુખ્ય હેતુ સાણંદમાં સ્થાપિત કરવામાં આવેલા માઈક્રોન ના સેમી કંડકટર યુનિટનુ ઉદ્દ્ઘાટન કરવાનો છે. ભારતને સેમી કંડકટર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાના લક્ષ્યાંક સાથે આ યુનિટ અત્યંત મહત્વનુ માનવામાં આવે છે. આ યુનિટ શરૂ થવાથી ગુજરાત ગ્લોબલ સેમી કંડકટર હબ તરીકે ઉભરી આવશે અને હજારો લોકોને રોજગારીની તકો પણ મળશે.

# કોંગ્રેસ એટલે નિષ્ફળ ગયેલી પ્રોડકટઃ ચુંટણી સમયે કયારેક ટોપી તો કયારેક જનોઈ પહેરી જનતાને છેતરે છેઃ હર્ષ સંઘવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના બજેટસત્ર દરમિયાન રાજયપાલના સંબોધન પરની ચર્ચામાં ભાગ લેતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કોંગ્રેસની કાર્યશૈલી, પરીવારવાદ અને ભુતકાળના શાસનકાળની સરખામણી વર્તમાન સ્થિતિ સાથે કરતા ગૃહમાં અનેક ગંભીર કટાક્ષ કર્યા હતા.



નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસને એક નિષ્ફળ ગયેલી પ્રોડકટ સાથે સરખાવતા જણાવ્યુ હતુ કે કોંગ્રેસ દર વખતે નવા પેકીંગમાં જુની પ્રોડકટ લોન્ચ કરે છે, પરંતુ તે સતત નિષ્ફળ જાય છે, રાહુલ ગાંધીનુ નામ લીધા વગર તેમણે પ્રહાર કરતા કહ્યુ હતુ કે કોંગ્રેસમાં માત્ર એક જ પરીવારનુ શાસન ચાલે છે, પરીવાર રાત કહે તો રાત અને દિવસ કહે તો દિવસ તેવુ વાતાવરણ ત્યાં જોવા મળે છે. વધુમાં તેમણે કહ્યુ કે ચુંટણી સમયે કયારેક ટોપી પહેરીને તો કયારેક જનોઈધારી બનીને જનતાને છેતરવાના પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ કેમેરા હટતા જ અસલી ચહેરો સામે આવી જાય છે,

કોંગ્રેસના શાસનકાળને યાદ કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતુ કે તે સમયે વિકાસ કયાંક ખુણામા બેસીને ડુસ્કા ખાતો હતો. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની વિકટ સ્થિતિ હતી. મહિલાઓને બે બે બેડા માથે લઈને કીલોમીટરો સુધી ભટકવુ પડતુ હતું. તેમણે ભાવુકતા સાથે કહ્યુ હતુ કે જો ઘરમાં બે ભાઈ બહેન હોય તો એકનુ આખુ જીવન માત્ર પાણી લાવવામાં જ વીતી જતુ હતું, તે સમયે ટ્રેનો દ્વારા પાણી પહોચાડવાની નોબત આવતી હતી, જે સ્થિતિ વર્ષ ૨૦૦૧ માં નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળ્યા બાદ જ બદલાઈ છે. નાયબ મુખ્યમંત્રીએ કોંગ્રેસની નકારાત્મક માનસિકતા પર નિશાન સાધતા જણાવ્યુ કે કોંગ્રેસે હંમેશા રાષ્ટ્ર હિતના કાર્યોનો વિરોધ કર્યો છે.

કલમ ૩૭૦ હટાવવી હોય કે રામમંદિરનુ નિર્માણ કોગ્રેસે દરેક તબકકે અવરોધો ઉભા કર્યા છે. રામલલ્લાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનુ આમંત્રણ ઠુકરાવીને કોંગ્રેસે પોતાની વિચારધારા સ્પષ્ટ કરી દીધી છે. અંતમાં તેમણે કહ્યુ કે કોંગ્રેસના નેતાઓ ટોપી પહેરે તેની સામે વાંધો નથી, પરંતુ દિલ્હી થી આવીને ગુજરાતની જનતાને ઉંધી ટોપી પહેરાવવાનો જે પ્રયાસ કરે છે તે ચિંતાનો વિષય છે.